ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# શહેરમાં વધુ ૬ કેસ, એક મૃત્યુ

## જીએડીના અધિકારી સહિત ૩ મહિલાઓના રિપોર્ટ પોઝીટીવ, શહેરની ૪-સીની એક મહિલા દર્દીનું સારવાર દરમિયાન મોત : સે. ૨૦, સે. ૨૭, સે. ૨૩, સે. ૨૬ અને ૩-ડીમાંથી કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૬ કેસ મળી આવ્યા છે. આ સાથે ગાંધીનગર શહેરના દર્દીઓની સંખ્યા ૧૮૬ થવા પામી છે.

ગાંધીનગર શહેરમાં આજે સે. ૪-સી ની એક મહિલા દર્દીનું સારવાર દરમ્યાન મોત થયુ છે. આ સાથે શહેરમાં સારવાર દરમ્યાન મોત પામનાર દર્દીઓની સંખ્યા ૬ થઈ છે.

આ મહિલા દર્દીને કોરોનાની સારવાર માટે ૧૩ જૂનના રોજ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ હતી. ૬૩ વર્ષીય આ મહિલાને અન્ય બિમારી પણ હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે વધુ ૬ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે આજે સે. ૩-ડી, સે. ૨૭, સે. ૨૩, સે. ૨૬ અને સે. ૨૦ માંથી આ કેસો મળ્યા છે. આજે મળેલા નવા કેસોમાં પણ ૩ મહિલા દર્દીઓ હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૨૦ માં 'ચ' ટાઈપમાં રહેતા સામાન્ય વહીવટ વિભાગમાં પ્રોટોકોલ પ્રભાગમાં ફરજ બજાવતા અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જેમનો સારવાર માટે ગાંધીનગર સ્થિત આસ્કા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

આ અધિકારીના પરિવારમાં ૩ સભ્યો છે અને ત્રણેયને હોમ ક્વોરોન્ટાઈન તંત્ર દ્વારા કરવામાં આવ્યા છે.

સચિવાલયના સામાન્ય વહીવટ વિભાગના અધિકારી કોરોનાની ઝપટમાં આવતાં અધિકારીઓમાં ચિંતાનું મોજુ ફરી વળ્યુ છે. અગાઉ સંયુક્ત સચિવ કક્ષાના અધિકારીનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો હતો.

સે. ૨૬ ગ્રીનસીટીમાંથી આજે એક ૫૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાના પરિવારના મોભી અગાઉ સંક્રમિત થયા હતા અને તે પણ હાલ સારવાર હેઠળ છે.

સે. ૨૩ ના માંગલ્ય ફ્લેટમાંથી એક ૩૯ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. મળતી વિગતો પ્રમાણે આ મહિલા સે. ૬ માં શૈક્ષણિક ઈન્સ્ટીટ્યુટશનમાં જોબ કરે છે.

આ મહિલા દર્દીના પરિવારના ૩ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. આ મહિલા દર્દીને પણ સારવાર માટે ખાનગી ડેઝીગ્નેટેડ કોવિડ હોસ્પિટલ આસ્કામાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૨૭ ની સૂર્યનારાયણ સોસાયટીમાંથી એક દંપત્તિનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. ૫૭ વર્ષીય પુરૂષ અને ૫૪ વર્ષીય મહિલાને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

૫૭ વર્ષીય પુરૂષ જી.આઈ.ડી.સી.ના એક ઔદ્યોગિક એકમમાં સ્ટોર સુપરવાઈઝર તરીકે નોકરી કરતા હોવાનું જાણવા મળેલ છે.

આ દંપત્તિ પરિવારમાં અન્ય ૩ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

સે. ૩-ડી માંથી એક ૬૬ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. તેઓ અગાઉ સંક્રમિત થયેલ પરિવારના જ સભ્ય હોવાનું જાણવા મળેલ છે. તેમનો પણ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં નોંધાયેલ દર્દીઓમાંથી ૧૪૭ દર્દીઓ રિકવર થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજે વધુ ૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

# ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧૧ કેસ, એક મૃત્યુ

## ગાંધીનગર તાલુકામાં ૬, કલોલ-દહેગામમાં ૨-૨ અને માણસામાં ૧ કેસ : વધુ ૧ દર્દીનું સારવાર દરમિયાન મોત

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોના પોઝીટીવના કેસ નોંધાયા છે. આજે સારવાર દરમ્યાન ગાંધીનગર તાલુકાના એક દર્દીનું અવસાન થવાના અહેવાલો પણ સામે આવ્યા છે.

ગાંધીનગર તાલુકાના ખોરજ ગામે એક દર્દીનું સારવાર દરમ્યાન અવસાન થયાના અહેવાલો છે. આ સાથે જિલ્લામાં નોંધાયેલા કેસોમાંથી સારવાર દરમ્યાન મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા ૩૦ પર પહોંચી છે.

કલોલના ૧૫, ગાંધીનગરના ૯, દહેગામના ૫ અને માણસાના ૧ દર્દીનું સારવાર દરમ્યાન અવસાન થયા છે. આજે ખોરજના જે દર્દીનું અવસાન થયુ છે તે અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ હોવાનુ જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસોની સંખ્યા ૬૦૦ની નજદીક પહોંચવામાં આવી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જે ઝડપે કોરોનાના કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે એટલુ જ નહિ જિલ્લામાં મૃત્યુદર પણ ઝડપથી વધી રહ્યો છે તેને લઈ તંત્ર ગંભીર બન્યુ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં આજે જે ૧૧ કેસ નોંધાયા છે તેમાં ગાંધીનગરના ૬, માણસાનો ૧, દહેગામના ૨ અને કલોલના ૨ કેસનો સમાવેશ થાય છે.

માણસા તાલુકાના પ્રેમપુરા ગામે એક ૨૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ મહિલા સામાજિક કારણોસર વિસનગરની મુલાકાતે ગઈ હતી તેમ જાણવા મળેલ છે. આ મહિલાને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

દહેગામ તાલુકામાંથી આજે બે કેસ કોરોના પોઝીટીવના મળ્યા છે. મળતી વિગતો પ્રમાણે સુજાના મુવાડા ગામમાંથી એક ૬૮ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ ઉપરાંત જીંડવા રોડ પર આવેલ પીપલજ ગામેથી પણ એક પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

પીપલજના પુરૂષ દર્દીને સારવાર માટે અમદાવાદની બાપુનગર હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. આ દર્દી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં નોકરી કરે છે અને રોજ અપડાઉન કરતો હોવાનું જાણવા મળેલ છે.

સુજાના મુવાડા ગામના ૬૮ વર્ષીય વૃદ્ધ નાનકડી દુકાન ધરાવે છે. તેઓ કફ, તાવ સહિતની બિમારીની ફરિયાદ કરતાં તેમના નમુના ચકાસણી માટે મોકલાયા હતા તેમનો રિપોર્ટ પોઝીટીવ આવતાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.

કલોલમાંથી આજે બે કેસ મળી આવેલ છે. મળતી વિગતો પ્રમાણે અર્બન વિસ્તારમાંથી આ બે કેસ મળેલ છે જેમાં એક પુરૂષ અને એક મહિલા દર્દીનો સમાવેશ થાય છે.

કલોલ અર્બન-૨ વિસ્તારમાંથી આ કેસ મળી આવ્યા છે. જેમાં એક ૩૬ વર્ષીય મહિલા અને ૭૨ વર્ષીય વૃદ્ધનો સમાવેશ થાય છે. આ બન્ને દર્દીને સારવાર માટે ગાંધીનગર દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર તાલુકામાંથી આજે સૌથી વધુ ૬ કેસ મળ્યા છે. જેમાં ખોરજ ગામેથી બે કેસ મળ્યા છે. પિતા-પુત્રીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે અમદાવાદ સોલાની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર નજીકના વાવોલ ગામેથી એક ૩૭ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ યુવક બાવળા ખાતે એક ખાનગી


● અનુસંધાન પાના - ૭ પર

# ઓનલાઈન શિક્ષણના ટ્રેન્ડ સાથે મોબાઈલ માર્કેટમાં ગરમાવો

## વિદ્યાર્થીઓમાં મોબાઇલ અને ટેબલેટની ખરીદી વધુ : પહેલા કરતા મોબાઇલની ખરીદીનુ પ્રમાણ બમણુ થયુ : બજારમાં માલની અછત : શહેરમાં પ્રતિદિન એક હજારથી વધુ ફોનની ખરીદી થતી હોવાનો અંદાજ : અગાઉ ચાઇનામાં ચીપસેટ બનતુ હતુ હવે મેડ ઇન ઇન્ડિયા લખેલો માલ આવે છે : વેપારીઓ

ગાંધીનગર તા ૨૧

કોરોનાની મહામારી બાદ શાળા કોલેજો બંધ છે. શાળા કોલેજોમાં ઓનલાઈન શિક્ષણનો ટ્રેન્ડ શરૂ થયો છે. વિદ્યાર્થીઆનુ શિક્ષણ ન બગડે તે માટે શાળાઓ હવે ઓનલાઈન શિક્ષણ આપી રહી છે. જેના લીધે બજારમાં મોબાઈલ ફોન તેમજ ટેબલેટનુ વેચાણ વધ્યુ છે. બજારમાં અગાઉ કરતા મોબાઈલ ફોનની ખરીદી બમણી થઈ ગઈ છે. જો કે સપ્લાયની અછત વચ્ચે વેપારીઓને પણ તકલીફ પડી રહી છે. લોકડાઉન બાદ મોબાઈલ બજારમાં ગરમાવો આવતા વેપારીઓ ખુશ છે.



કોરોનાની મહામારી વચ્ચે શાળાઓ બંધ છે. જ્યારે વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ પુરુ પાડવામાં આવી રહ્યુ છે. આવા સંજોગોમાં આમ પણ મોબાઈલ મારફતે જ શિક્ષણ મેળવવાની પ્રક્રીયા ઉત્તમ વિકલ્પ બની છે. ત્યારે મોબાઈલ ફોનની ખરીદી પણ વધી છે. મોબાઈલ શોપ્સ પર મોટાભાગે વિદ્યાર્થીઓ અને વાલીઓની અવરજવર વધી છે. જેમાં ટેબલેટની હોટ ડીમાન્ડ છે. આ ઉપરાંત ૧૫ હજારથી નીચા બજેટના ફોનની ખરીદી પણ વિશેષ થાય છે. લોકડાઉન બાદ ફોન બજારમાં ઘરાકી ખુલી છે. પરંતુ માલની અછત છે. અત્યાર સુધી ચાઈનામાં ચીપસેટ બનાવવામાં આવતુ હતુ. હવે ભારતમાં પણ આ શરૂ થઈ ગયુ છે.મેડ ઈન ઈન્ડિયા લખેલો માલ પણ આવતો થઈ ગયો છે. મોબાઈલની વધતી ડીમાન્ડ વચ્ચે માલ ઓછો આવતા તકલીફ પડે છે.

**ચિરાગભાઇ પુરોહિત - મેનેજર**
**સે-૧૧ ફોનવાલે**

●●●

ઓનલાઈન શિક્ષણના ટ્રેન્ડના લીધે મોબાઈલની ખરીદીનુ પ્રમાણ પણ વધ્યુ છે. બજારમાં રૂ ૫ હજારથી ૧૦ હજાર સુધીની કીંમતના ફોનની વિશેષ ખરીદી થાય છે. આ ઉપરાંત હેડફોન અને હેન્ડસ ફ્રીની ખરીદી પણ વધુ થાય છે. એકબાજુ મોબાઈલની ખરીદી વધી છે જયારે દરેક કંપનીમાંથી પણ માલ ઓછો આવે છે. બજારમાં મોબાઈલ કરતા પણ ટેબલેટની ડીમાન્ડ વધુ છે. પરંતુ માલ જ ઓછો આવે છે. કંપનીઓમાં પ્રોડકશન જ ઓછુ થાય છે. પરંતુ ઓનલાઈન શિક્ષણનો



ટ્રેન્ડ અમલમાં આવતા વાલીઓ વિદ્યાર્થીઓ માટે વિશેષ રીતે મોબાઈલ ખરીદી રહ્યા છે. એક રીતે મોબાઈલની ખરીદી બમણી થઈ ગઈ છે.

**કેતન પ્રજાપતિ - મેનેજર**
**કબીર ટેકનોલોજી પ્રા લી, સે-૨૧**

●●●



કોરોનાની મહામારી વચ્ચે શાળાઓમાં ઓનલાઈન શિક્ષણ આપવામાં આવી રહ્યુ છે. શિક્ષણ સંસ્થાઓએ ઓનલાઈન શિક્ષણના વર્ગો શરૂ કરતા બજારમાં મોબાઈલ ખરીદીનુ પ્રમાણ વધ્યુ છે. જેના લીધે વાલીઓ પર વધારાનો બોજો આવ્યો છે. ઓનલાઈન પ્રથા શરૂ થતા ફોર જી મોબાઈલ કે ટેબ્લેટની જરૂર પડે છે જે લગભગ ૮ હજારની આજુબાજુની કીંમતના આવે છે. જયારે કેન્દ્ર સરકારના જી એસ ટી મુજબ ગત તા ૧ એપ્રિલથી મોબાઈલ અને ટેબ્લેટ પર જી એસ ટી ૧૮ ટકા થઈ ગયો છે. જેના લીધે મોબાઈલ ટેબલેટની કીંમત પણ વધી છે. એકબાજુ લોકડાઉનના લીધે આમ નાગરિકોની આવક પણ ઘટી છે. જયારે મોબાઈલ ઉત્પાદન કરતી કંપનીઓ પણ ભારત ચાઈના વચ્ચેના તણાવથી બજારમાં માલની અછત પણ છે. મોબાઈલ અને ટેબલેટનુ ૯૦ ટકા ઉત્પાદન ચાઈના કરે છે. જયારે વાલીઓ માટે ઓનલાઈન શિક્ષણ પ્રથાને વેગ આપવા મોબાઈલ ખરીદવો અનિવાર્ય છે.

**કાર્તિક પટેલ - રૂદ્ર મોબાઇલ, સે-૨૨**



યોગ કરશું... કોરોના ભગાવશું... રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણી અને શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ પરિવાર સાથે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે યોગ કરી રાજ્ય સરકારના યોગ કરશું... કોરોના ભગાવશું અભિયાનનો સંદેશ આપ્યો હતો.

# શહેરનાં મુખ્ય 'ઘ' માર્ગના રીસરફેસીંગનુ કામ હાથ ધરાયુ

## હાલ અન્ડર પાસની કામગીરી ચાલી રહી હોવાથી ઘ-સાડા ચારથી ઘ-૫ સુધીના માર્ગો પર પેચીસ દુર કરવા માટે રીસરફેસીંગનુ કામ હાથ ધરાયુ

ગાધીનગર તા ૨૧

વરસાદી દિવસો નજીકમાં છે ત્યારે શહેરના માર્ગોના રીસરફેસીંગની કામગીરી હાથ ધરવામાં આવી છે. અલબત્ત વરસાદી દિવસોમાં માર્ગોને વધુ નુકશાન ન થાય તે માટે અગાઉ ખ માર્ગના સરફેસીંગનુ કામ હાથ ધરાયુ હતુ જયારે ઘ માર્ગને પણ રીસરફેસ કરી દેવાયો છે. ઘ- સાડા ચારથી ઘ-૫ સુધીના માર્ગના રીસરફેસીંગનુ કામ હાથ ધરાયુ છે. હાલ આ માર્ગ પર અન્ડર પાસનુ કામ પણ ચાલી રહ્યુ છે.

શહેરના માર્ગો પર વરસાદી દિવસો પુર્વે રીસરફેસીંગની કામગીરી કરવામાં આવી રહી છે. જે માર્ગો છેલ્લા ઘણાં સમયથી ખરાબ છે. જયારે જે મોર્ગોનુ કામ લાંબા સમયથી હાથ ધરાયુ નથી તેવા માર્ગો પર તંત્ર દ્વારા હાલ રીસરફેસીંગ કરવામાં આવી રહ્યુ છે. નગરના ઘ માર્ગ પર હાલ અન્ડરપાસ બનાવાની કામગીરી ચાલી રહી છે જેના લીધે ઘ-૪ થી ઘ સાડા ચાર સુધીનો માર્ગ સદંતર બંધ છે. જયારે ઘ-૩ થી આગળનો માર્ગ પણ હાલ ખરબચડો જોવા મળી રહ્યો છે. માર્ગ પર પેચીસ પડી ગયા છે. જેના લીધે આગામી વરસાદી દિવસોમાં માર્ગોનુ વધુ ધોવાણ થાય તેવી સંભાવના છે. હાલ આ માર્ગના સરફેસીંગનુ કામ શરૂ કરી દેવાયુ છે. અલબત્ત ઘ સાડાચારથી ઘ- ૫ સુધીના આ માર્ગને ચકાચક બનાવવા માટે કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. આ માર્ગ ઉપરાંત તંત્ર દ્વારા નગરના ખ માર્ગનુ પણ સરફેસીંગ કરવામાં આવી રહ્યુ છે. શહેરના માર્ગોનુ કામ છેલ્લા ત્રણ મહીનાથી બંધ હતુ. નગરના સેકટરોના આંતરિક માર્ગો છેલ્લા ઘણાં સમયથી ઉબડ ખાબડ જોવા મળી રહ્યા છે. માર્ગોની સરફેસ પણ ખરબચડી થઈ ગઈ છે. જયારે નવા સેકટરોમાં આંતરિક માર્ગોની કામગીરી પુર્ણ કરવા સહીત અન્ય બાકી સેકટરોમાં પણ આંતરિક માર્ગોના સરફેસનુ કામ હાથ ધરવા માટે પણ આયોજન કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. શહેરમાં હાલ અન્ડર પાસની કામગીરી ચાલી રહી છે. આ ઉપરાંત રેલવે અન્ડર પાસનુ કામ પણ બાકી છે. અલબત્ત નવા કામો હાથ ધરવામાં હજુ સમય લાગશે. આગામી દિવસામાં ચોમાસુ પણ નજીકમાં છે. ત્યારે માર્ગ સુધારણાના કામો પણ હવે વરસાદી દિવસો બાદ જ હાથ ધરાશે.

# જિલ્લામાં મગફળીના પાકનું વિક્રમી વાવેતર

## સોયાબીનની ખેતી પણ નવ હેક્ટરમાં નોંધાઈ : ૩૦ ટકા વિસ્તારમાં વાવણી કાર્ય સંપન્ન થઈ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં આ ખરીફ ઋતુના વાવેતરમાં મગફળીના પાકનું વિક્રમી વાવેતર થવા પામ્યુ છે જે જિલ્લામાં ખરીફ પાકની વાવેતર પેટર્નમાં બદલાવનો આડકતરો એકરાર કરે છે.

જિલ્લાના મુખ્ય પાક કપાસ અને ડાંગરના વાવેતર ઉપરાંત મગફળીના ગયા વખતે મળેલા સારા ભાવને પગલે આ વર્ષે વિક્રમી વાવેતર અત્યાર સુધીમાં થયુ છે અને આ આંક ૧૦ હજાર હેક્ટરે પહોંચશે તેમ મનાઈ રહ્યું છે.

સમયસરના ચોમાસાના આગમન પછી જિલ્લામાં ખરીફ ઋતુના વાવેતરની કામગીરીમાં વેગ આવ્યો છે. મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૫,૩૮૧ હેક્ટર વિસ્તારમાં વાવેતર સંપન્ન થયુ છે. જેમાં ગાંધીનગર ૬૫૬૨ હેક્ટર, દહેગામ ૧૨,૬૦૪ હેક્ટરમાં, કલોલમાં ૫૫૦૩ હેક્ટર અને માણસા તાલુકામાં ૧૦,૭૧૨ હેક્ટર વિસ્તારમાં વાવેતર સંપન્ન થયુ છે.

સમયસરના ચોમાસાના આગમનને કારણે ખેડૂતો દ્વારા કઠોળ પાકની વાવણીનું કામ પણ હાથ ધરાયુ છે. જેમાં મગનું ૨૨ હેક્ટરમા, મઠનું ૫ હેક્ટરમાં વાવેતર થયુ છે. અડદ અને તુવેરનું વરસાદના બીજા રાઉન્ડમાં વાવેતર થશે તેમ મનાઈ રહ્યુ છે.

જિલ્લામાં આ વખતે ખેડૂતો દ્વારા સોયાબીનની ખેતીનો પ્રયોગ પણ હાથ ધરવામાં આવ્યો છે. જિલ્લામાં ગાંધીનગર તાલુકામાં ૯ હેક્ટરમાં સોયાબીનની ખેતી કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં મગફળીના પાકનું ૬૫૨૦ હેક્ટરમાં વાવેતર નોંધાયુ છે. જેમાં દહેગામમાં ૪૪૫૧ હેક્ટર, ગાંધીનગરમાં ૧૨૬૩ હેક્ટરમાં તેમજ કલોલમાં ૩૪૫ હેક્ટરમાં મગફળીના પાકનું વાવેતર થયુ છે. ગત વર્ષ કરતાં એક હજાર હેક્ટર જેટલુ વધારે વાવેતર આ વખતે મગફળીનું અત્યારે નોંધાયું છે.

જિલ્લામાં કપાસના પાકનું વાવેતર પણ આ વખતે ૧૪,૪૦૪ હેક્ટરમાં નોંધાયુ છે. શાકભાજીના પાકોનું ૪ હજાર હેક્ટરમાં જ વાવેતર નોંધાયુ છે. જો કે મુંગા પશુધન માટે ૮૭૫૧ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયુ છે.

જિલ્લામાં આકાશી ખેતીનું અનેરૂ મહત્વ હોય છે અને સામાન્યતઃ જિલ્લામાં ૧ લાખ ૪૦ હજાર હેક્ટર જેટલુ વાવેતર નોંધાતુ હોય છે. અત્યાર સુધીમાં ૩૦ ટકા જેટલા વિસ્તારમાં વાવેતર સંપન્ન થયુ હોવાનું જાણવા મળેલ છે.

## જાહેર નોટીસ વ ચેતવણી



આથી અમો નીચે સહી કરનાર નરવિરસિંહ કે. મકવાણા (એડવોકેટ) રહે. પ્લોટ નં. ૮૩૬/૨, સેક્ટર-૭/સી,ગાંધીનગર તે અમારા અસીલશ્રી ચાવડા રતનસિંહ હિંમતસિંહ ઉ.વ. આ. ૫૬ રહે. ૬૯૯, આદર્શનગર સોસાયટી, સેક્ટર-૨૪, ગાંધીનગરની સૂચના અને ફરમાઈશથી આ નોટીસ આપી જાહેર જનતાને જણાવીએ છીએ કે..,

અમારા અસીલશ્રીના પુત્ર નામે વનરાજસિંહ રતનસિંહ ચાવડા, ઉ.વ. આર. ૨૬ રહે. ૬૯૯, આદર્શનગર સોસાયટી, સેક્ટર-૨૪, ગાંધીનગર કે જેઓ અમારા અસીલશ્રીના કહ્યામાં રહેલ ન હોય અને જેણે અમારા અસીલશ્રીની મરજી વિરુદ્ધ કૃત્ય કરતા હોય જેથી અમારા અસીલશ્રીએ તેઓની સાથેના સંબંધોનો અંત આણી દઈને કૌટુંબીક તેમજ સામાજિક સંબંધો કાપી નાખેલ હોય અમારા અસીલે તેઓની વડીલોપાર્જીત તથા સ્વપાર્જિત સ્થાવર તેમજ જંગમ મિલકતમાંથી તેઓને કાયમી ધોરણે બેદખલ કરેલ છે. એટલે આજ પછી અમારા અસીલનો તથા અમારા અસીલશ્રીના પરિવારનો તેઓની સાથેનો કોઈ પણ જાતનો સામાજિક કે કૌટુંબિક નાતો રહેતો ન હોય કોઈ પણ વ્યક્તિએ તેઓની સાથે અમારા અસીલશ્રીના નામે કોઈ પણ પ્રકારના સામાજિક કે આર્થિક વ્યવહારો કરવા નહીં અને કરવામાં આવશે તો તેવા તમામ વ્યવહારો અમારા અસીલને કે અમારા અસીલશ્રીના પરિવારના સદસ્યોને બંધનકર્તા રહેશે નહીં અને તેના માટે તે પોતે જ જવાબદાર રહેશે તેમ સજવું કે તેમ અમારા પુત્ર કોઈ પણ જાતનો કૃત્ય કરે તેની સંઘળી જવાબદારી તેઓની રહેશે. તેમાં અમારા અસીલશ્રી તથા કૌટુંબીજનોની જવાબદારી રહેશે નહીં. તેની જાહેર જનતાએ ગંભીર નોંધ લેવી.

તા. ૨૧-૬-૨૦૨૦ — અમારા અસીલની સૂચના અને ફરમાઈસથી
ગાંધીનગર — નરવિરસિંહ કે. મકવાણા (એડવોકેટ)

# રાજ્યના મુખ્યમંત્રી આજે જિલ્લાના અધિકારીઓની સમીક્ષા બેઠક કરશે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર મહાનગર પાલિકાની હદ વધારાની દરખાસ્ત બાદ આજે રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જિલ્લાના અધિકારીઓની એક ખાસ સમીક્ષા બેઠક તેમના નિવાસસ્થાને સાંજના સુમારે બોલાવી હોવાનું જાણવા મળેલ છે.

પ્રભારી મંત્રી કૌશિકભાઈ પટેલ, પ્રભારી સચિવ સંજીવકુમાર પણ આ બેઠકમાં ઉપસ્થિત રહેનાર છે.

મળતી વિગતો પ્રમાણે મનપા દ્વારા હદ વધારવાના નિર્ણય પછી હજુ પણ ગ્રામ પંચાયતોનો ચાર્જ નહિ લેવાયો હોવાનો મુદો છવાયેલો રહેશે. આ ઉપરાંત જિલ્લામાં વધતા જતા કોરોનાના કેસો અંગે પણ ચર્ચા કરવામાં આવશે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન નહિ થતું હોવાનું તેમજ માસ્ક ફરજીયાત પહેરવાની બાબતના અમલીકરણને લઈ પણ આ બેઠકમાં ચર્ચાઓ થશે તેમ મનાઈ રહ્યુ છે.

ગાંધીનગર મહાનગર પાલિકાના મુદાઓ આ બેઠકમાં વધુ છવાયેલા રહેશે તેમ મનાઈ રહ્યુ છે.

આ બેઠકમાં જિલ્લામાં વિકાસના કામો અંગે, સુજલામ સુફલામમાં થયેલ કામગીરી ઉપરાંત જિલ્લામાં વિવિધ ક્ષેત્રીય કચેરીઓની કામગીરી તેમજ જિલ્લામાં સમયસરના ચોમાસા અંગે બનાવાયેલ ડિઝાસ્ટર પ્લાન સહિતના મુદ્દાઓની પણ ચર્ચા થશે.

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com